

## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી પાત્રતાના લક્ષણ સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃતો

પ્રશ્ન :- પ્રથમ પાત્રતાનું શું સ્વરૂપ છે ?

ઉત્તર :- પોતાના દ્રવ્યમાં દષ્ટિને તાદાત્મ્ય કરવી, પ્રસારવી. બહિર્મુખમાં તાદાત્મ્ય કરતી દષ્ટિને પોતામાં તાદાત્મ્ય કરવી તે જ પ્રથમ પાત્રતા છે. ૨૦.

***

યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે તેથી તો કહે છે કે ‘તેવી તેની કાળલબ્ધિ.’ ત્યાં (અજ્ઞાની) કહે અરે, પુરુષાર્થને તો ઉડાડી દીધો! અરે ભાઈ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે? કોઈ સ્વચ્છંદતા કરી લે, તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે, પરંતુ ત્રિકાળીમાં અહંપણું થાય તેમાં પુરુષાર્થ તો હોય જ છે પરંતુ - આ (પુરુષાર્થની) પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું. (૧૧૩)

***

યોગ્યતા અને પાત્રતા ઠીક હોય તો એક જ ક્ષણમાં કામ થઈ જાય એવી વાત છે. (૧૮૩)

***

વાત સાંભળતાં જ ચોંટ લાગે - તે પણ એક પાત્રતા છે. (૪૨૧)

***

‘હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું’ - એવું સાંભળતાં જ કાંઈ કરવું-કરાવવું છે જ નહિ એવો ઉલ્લાસ તો પ્રથમથી જ આવવો જોઈએ; અને પછી તેની જ પૂર્તિ માટે પ્રયાસ કરવો છે. (૪૨૭)

***

પોતાથી પોતાની પાત્રતાની ખબર પડી જાય છે. બીજો કહે, ન કહે એનાથી મતલબ નથી. દ્રવ્ય સ્વતંત્ર છે ને ! તેને પરની અપેક્ષા જ નથી. (૪૭૬)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૮૭, વર્ષ–૨૪, નવેંબર–૨૦૨૧

**અષાઢ વદ ૧૧, ગુરુવાર, તા.૧૪–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૬, પ્રવચન–૩૪**

'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર આચાર્ય થયા છે. છઠ્ઠી શતાબ્દિ. ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલાં થયા. એમણે 'યોગસાર' બનાવ્યું. 'યોગીન્દ્રદેવ' ૮૬મી ગાથામાં કહે છે, એક આત્માનું મનન કરો. જુઓ! **इक्कलउ इदिय रहियउ मण-वय-काय-ति-सुद्धि। अप्पा अप्पु मुणेहि तुहुं लहु पावहि सिवसिद्धि।।८६।।**

એ શબ્દ પડ્યા છે. હે ભાઈ! તું એકલા આત્માને જો. ઈન્દ્રિયથી રહિત, કર્મ, શરીરના સંબંધથી રહિત. ભગવાનઆત્મામાં પરમાર્થ દૃષ્ટિએ શરીર, કર્મ અને વિકારના સંબંધ રહિત આત્મા એકલો છે. એવો ઈન્દ્રિયથી રહિત **'मण-वय-काय-ति-सुद्धि।'** અને મન-વચન-કાયાથી પણ હટીને પોતાની શુદ્ધિ પોતાના સ્વભાવ સન્મુખ કરી પોતાનું ધ્યાન કરવું તેનું નામ મોક્ષનો માર્ગ યોગસાર છે. મુનિને તો ઉત્કૃષ્ટ હોય છે. એ કાલે આવી ગયું છે કે, **'લજ્જાનો ભાવ હૃદયમાંથી ન ખસે ત્યાં સુધી આ ઊંચા પદનું ગ્રહણ ન કરવું.'** એમ આવ્યું હતું.

**'શ્રાવકપદમાં રહીને એકદેશ આત્મધ્યાનનું સાધન કરવું.'** આપણે એ શબ્દ ઉપર થોડું લેવું છે. ગૃહસ્થાશ્રમમાં પણ શ્રાવક છે તો એકદેશ આત્મધ્યાનનું સાધન કરી શકે છે. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં 'સમાધિ અધિકાર' પછી 'ભક્તિ અધિકાર' આવશે. એ તો 'કુંદકુંદાચાર્યદેવ'નો પહેલા શ્લોકમાં મૂળ પાઠ છે. શ્રાવક હો કે મુનિ હો, નિશ્ચય શુદ્ધ રત્નત્રયની ભક્તિ બન્ને કરે છે. એવો પાઠ 'ભક્તિ અધિકાર'માં મૂળ ગાથામાં છે. શ્રાવક હો કે મુનિ હો, શુદ્ધ રત્નત્રયની ભક્તિ, એવો પાઠ છે. ટીકામાં મૂળ પાઠમાં એટલું છે કે, દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયની ભક્તિ કરે છે. એ નિશ્ચય રત્નત્રયની વાત છે.

મુમુક્ષુ : ...

ઉત્તર : પોતાના સ્વરૂપની એકાગ્રતા તે ભક્તિ છે. ભગવાનની ભક્તિ એ શુભરાગ છે, વ્યવહારભક્તિ છે.

અહીં તો બીજું કહેવું છે કે, શ્રાવકને પણ પોતાના શુદ્ધ નિશ્ચય રત્નત્રયનું ધ્યાન હોય છે અને પ્રગટ દશા થાય છે. કોઈ કહે કે, મુનિને જ સાતમા ગુણસ્થાનમાં શુદ્ધ રત્નત્રય હોય છે. હજી સાતમામાં પણ નથી લેતા. અહીં તો કહે છે કે, શ્રાવકને પણ. સમજાણું કાંઈ? જુઓ! એમાં છે. ૧૩૪ ગાથા છે ને? ભક્તિ અધિકાર **'सम्मत्तणाणचरणे जो भत्ति**

कुणइ सावगो समणो।' 'सावगो समणो' એવો પાઠ છે. 'सम्मत्तणाणचरणे जो भत्ति कुणइ सावगो समणो। तस्स दु णिव्वुदिभत्ती...' નિવૃત્તિભક્તિ 'होदि त्ति जिणेहि पण्णत्तं' ૧૩૪ ભગવાન પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ એમ કહે છે, શ્રાવક અને મુનિ બન્નેને નિશ્ચય શુદ્ધ રત્નત્રય પોતાનો ભગવાનઆત્મા શુદ્ધ નિર્મળ નિર્વિકલ્પ ષ્ટિથી પોતાની પ્રતીતિ કરવી અને સ્વસંવેદન પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન, તેનું જ્ઞાનથી સ્વસંવેદન કરીને જ્ઞાન કરવું અને પોતાના સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગરૂપ અથવા શુદ્ધ પરિણતિરૂપ આચરણ કરવું તેનું નામ નિશ્ચય રત્નત્રય કહે છે. આહાહા..! અહીંયાં શ્રાવકને કહે છે, જુઓ! ટીકામાં પણ એમ લીધું છે.



**'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ છે;...'** શ્રાવક પણ કરી શકે છે અને મુનિ પણ. શ્રાવકો અને પરમ તપોધનો બન્ને રત્નત્રયની ભક્તિ કરે છે. જિનવરોએ એમ કહ્યું છે. થોડી સૂક્ષ્મ વાત છે. અહીંયાં નિશ્ચય રત્નત્રયની વાત છે. તેને શુદ્ધ રત્નત્રય કહે છે. વ્યવહાર રત્નત્રય(ને) અશુદ્ધ રત્નત્રય કહો, બાહ્ય રત્નત્રય કહો, ઉપચારિક રત્નત્રય કહો. પરમ અપેક્ષાએ તેને અસત્યાર્થ પણ કહો. વ્યવહાર અસત્યાર્થ. અસત્યાર્થનો અર્થ તેને ગૌણ કરીને, છે નહિ એમ નહિ, વ્યવહાર છે ખરો પણ તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ કહી દીધો છે.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, તેની અંતરમાં અનુભવમાં ષ્ટિ કરવી. અનુભવ કરીને ષ્ટિ થવી અને સ્વરૂપમાં સ્થિરતા થવી, એવી નિશ્ચય શુદ્ધ રત્નત્રયની ભક્તિ એકદેશે શ્રાવકને પણ હોય છે. સમજાણું કાંઈ? શ્રાવક એટલે મહા પંચમ ગુણસ્થાન દશા, જેને સર્વાર્થસિદ્ધિના ચોથા ગુણસ્થાનવાળા કરતાં જેની શાંતિ વધી ગઈ છે. આહાહા..! ભલે સ્ત્રી, કુટુંબમાં પડ્યો હોય, રાજમાં પડ્યો હોય, વિષયભોગની વાસના પણ હોય પણ તેની વાસનામાં મર્યાદા છે. પોતાનો આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદમય પ્રભુ આત્મા, તેની અંતરમાં સ્વસન્મુખ થઈને નિશ્ચય શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે. કોઈ કહે છે કે, શુદ્ધ નિશ્ચય સમકિત ચોથે, પાંચમે નથી હોતું. ભાઈ! તને સમજણ નથી. વ્યવહાર તો ઉપચાર છે. નિશ્ચય સ્વઆશ્રિત ઉત્પન્ન થાય તેને શુદ્ધ રત્નત્રય કહે છે. આહાહા..! શું કરે? બધું ફરી ગયું, ઘણું ફરી ગયું. વ્યવહાર રત્નત્રય, ચોથેથી સાતમે સુધી વ્યવહાર રત્નત્રય. એક જણો વળી બારમા સુધી કહે છે. ભાઈ!

અહીં તો ભગવાન.. વસ્તુનું સ્વરૂપ.. આત્મા પરમાનંદની મૂર્તિ, પરમાત્મસ્વરૂપની અંતર નિશ્ચય સ્વઆશ્રય ષ્ટિ (થવી), સ્વઆશ્રય ષ્ટિ (થઈ) તેનું નામ નિશ્ચય. પરાશ્રય ષ્ટિ ભગવાનની શ્રદ્ધા આદિ કરવી એ પરાશ્રિત દૃષ્ટિ, વ્યવહાર (છે). પોતાના સ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન કરવું, સ્વસંવેદન (કરવું)

તે નિશ્ચય. શાસ્ત્ર આદિનું જ્ઞાન કરવું તે પરાશ્રિત વ્યવહાર છે. પોતાના સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાનપૂર્વક સ્વમાં લીન થવું તે ચારિત્ર છે, નિશ્ચય ચારિત્ર છે. શ્રાવકને પણ નિશ્ચય ચારિત્રનો અંશ હોય છે. કહો, સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! કોઈ એમ કહે છે, શ્રાવકને પંચમ ગુણસ્થાને શુદ્ધઉપયોગ નથી, શુદ્ધ નિશ્ચય રત્નત્રય નથી. નિશ્ચય રત્નત્રય આઠમે ને દસમે પછી કોઈ એક તો વળી તેરમે કહે છે. એક 'શરણારામ' છે એ તો વળી તેરમે નિશ્ચય (થાય અને) બારમા સુધી વ્યવહાર (હોય એમ કહે છે).

મુમુક્ષુ : કોઈ વળી પંદરમે કહે.

ઉત્તર : પંદરમાં છે જ નહિ તો શું કહે? પંદર ગુણસ્થાન જ નથી.

અહીં તો આપણે શુદ્ધ રત્નત્રયની ભક્તિ એકદેશ શ્રાવકને પણ હોય છે (એમ કહેવું છે). ભલે સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટમાં પડ્યો હોય... સમજાણું કાંઈ? પડ્યો નથી. પોતાનો આત્મા શુદ્ધ ભગવાનઆત્મા પરમાત્મા નિર્વિકલ્પ સ્વભાવે સંપન્ન પ્રભુ, અનાદિઅનંત એવી અંતરમાં નિશ્ચય દૃષ્ટિ સ્વભાવના આશ્રયે થઈ, તે તો આત્મામાં જ પડ્યો છે. સમજાણું કાંઈ? શ્રાવક પણ પોતાના જ્ઞાનમાં રહે છે, સ્થિરતામાં રહે છે. વ્યવહાર રત્નત્રયથી પણ મુક્ત છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન... એ માટે '**શ્રાવકપદમાં રહીને એકદેશ આત્મધ્યાનનું સાધન કરવું.**' સમજાણું કાંઈ? ન થઈ શકે એમ નથી, ભાઈ! ચોથા ગુણસ્થાને પણ જ્યાં આત્મા મુક્તસ્વરૂપનું ભાન થાય છે અને નિર્વિકલ્પ પ્રતીત થાય છે તો પંચમ ગુણસ્થાને તો શ્રાવકને તો શાંતિ બીજા કષાયના અભાવથી શાંતિ.. શાંતિ વધી ગઈ છે. સમજાણું કાંઈ? એવી શાંતિ જે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થઈ તેને અહીંયાં દેશ રત્નત્રય, શુદ્ધ રત્નત્રય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિર્વાણનો સાક્ષાત્ ઉપાય નિર્ગ્રંથપદ જ છે...**' ઓ..હો..! અલૌકિક વાત! અંતરમાં ત્રણ કષાયનો અભાવ, નિર્ગ્રંથ ભાવ, દ્રવ્યલિંગ પણ નિર્ગ્રંથ, બાહ્યમાં પણ નગ્ન દશા, બાહ્ય અને અભ્યંતર બન્ને નિર્ગ્રંથ દશા. એ નિર્ગ્રંથ દશા જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે, ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? પણ કહે છે કે, જો આવી ચીજ ન થઈ શકે (તો ત્યાં સુધી એકદશ આત્મધ્યાનનું સાધન કરવું).

'**જ્યાં સુધી ઈન્દ્રિયોના વિષયોની લાલસા ન છૂટે...**' સમ્યગ્દર્શન થવા છતાં, ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ નહિ હોવા છતાં,.. સમજાણું કાંઈ? ભાષા નહિ, એના ભાવ સમજી લેવા. અહીંયાં તો કહે છે, પોતાના સ્વભાવમાં આનંદ છે એમ સમ્યગ્દૃષ્ટિને રુચિ થઈ હોવા છતાં, ઈન્દ્રિયના સુખમાં સુખ નથી એવી માન્યતા હોવા છતાં પણ આસક્તિ રહે છે. આસક્તિ તે ચારિત્રનો દોષ છે. અને ઈન્દ્રિયમાં સુખ છે, એ મિથ્યાત્વનો દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે. રાગમાં અને પરમાં ત્રણકાળમાં સુખ નથી. એવી અતીન્દ્રિય આનંદની સુખબુદ્ધિ થવી તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સુખબુદ્ધિ નથી, પણ આસક્તિ, લાલસા ન છૂટે એમ એમાં લીધું છે ને? જે શબ્દ હોય તે પ્રકારે (કહીએ છીએ). લાલસા, જરી આસક્તિ, વૃત્તિ છૂટતી નથી. પંચમ ગુણસ્થાનમાં સુખબુદ્ધિ નહિ હોવા છતાં, સુખબુદ્ધિ તો ત્રણકાળમાં નથી. સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ સર્વાર્થસિદ્ધિના દેવમાં પણ સુખબુદ્ધિ નથી. ઓ..હો..! જ્યાં સુખ છે ત્યાં સુખબુદ્ધિ હોય કે જ્યાં સુખ નથી ત્યાં સુખબુદ્ધિ હોય? પોતાનો આનંદ તો પોતામાં છે. પોતાનો આનંદ શું પુણ્ય-પાપના ભાવમાં છે? શરીરમાં છે? ઈન્દ્રિયમાં છે?

ધર્મીને પહેલી નજરમાં પોતાનો આનંદ પોતામાં

છે, પુણ્ય-પાપમાં આનંદ નથી (એમ દૃષ્ટિ થઈ ગઈ છે). વ્યવહાર રત્નત્રયનો શુભઉપયોગરૂપ રાગ થાય છે તેમાં આનંદ નથી અને તેના ફળમાં આનંદ નથી, એવી દૃષ્ટિ થઈ હોવા છતાં લાલસા ન છૂટે. જરી આસક્તિ અંદરથી ન છૂટે '**ત્યાં સુધી ઘરમાં સ્ત્રીસહિત રહીને જ યથાશક્તિ આત્માનું મનન કરવું.**' સમજાણું કાંઈ? એમ નહિ કે પોતાની શક્તિ તો છે નહિ અને બધું છોડીને બેસી જાય અને અંદરમાં દશા તો છે નહિ, પછી હઠ થઈ જાય, પરિષહ સહન કરવાની જે તાકાત અંદર હોવી જોઈએ એ તો થઈ નથી. પછી તો હઠ થઈ જાય. ભાર.. ભાર.. ભાર.. બોજો. બોજો (લાગે). કહે છે, '**સ્ત્રીસહિત રહીને...**' એમ. સમજાણું કાંઈ? આહાહા..!

એકવાર તો 'કુંદકુંદાચાર્યદેવે' 'મુલાચાર'માં એમ પણ કહ્યું કે, હે જીવ! તારા સ્વરૂપની દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થયું અને તને સમ્યગ્દર્શનમાં દોષ ન લાગે તે માટે જેની મિથ્યાશ્રદ્ધા છે અને મિથ્યાશ્રદ્ધાની વાત કરે છે, એવા સાધુનો સંગ નહિ કરતો. પંડિતજી! એવો 'મૂલાચાર'માં શ્લોક છે. (તેનો સંગ) નહિ કરતો, એ કરતાં તો વિવાહ કરી લેજે એવો પાઠ છે. લગ્ન કરી લેજે. સ્ત્રી કરવાનું કહે છે? આ તો (એમ કહે છે કે), સ્ત્રીનો દોષ છે તે ચારિત્રનો દોષ છે. પણ જો તું મિથ્યાશ્રદ્ધાવંતના સંગમાં જઈશ અને તારી મિથ્યાશ્રદ્ધા થઈ ગઈ તો (સમ્યગ્દર્શનથી) ભ્રષ્ટ થઈ જઈશ. એવો 'મૂલાચાર'માં શ્લોક છે. મૂળ ગાથા છે, કેટલામી છે ઈ? બધું કાંઈ યાદ હોય? ભાવ ખ્યાલ હોય. એવી કંઈ બુદ્ધિ નથી કે આ ઠેકાણે આ ગાથા (છે), આ ઠેકાણે આ શ્લોક છે. ભાવનો ખ્યાલ છે, ભાવ. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! પણ સંતો આમ કહે? ભાઈ! લગ્ન કરવાનું કહે? એમ નથી, એમ નથી. પાઠ તો એવો છે. લાવોને પાઠ, જુઓ! પાઠ એવો છે. વિવાહ કરજે. વિવાહ કરવાનું કહે?

મુમુક્ષુ : લખ્યું છે ને.

ઉત્તર : લખ્યું (ભલે), તેનો અર્થ સમજવો જોઈએ. એ તો કહે છે,... સ્પષ્ટીકરણ કરાવે છે. પંડિતજી! એમ કે, લખ્યું તો એમ છે કે, વિવાહ કરજે. મુનિને નવ કોટિએ ત્યાગ છે. વિષયનો નવ કોટિએ (ત્યાગ છે). મન-વચન-કાય, કરવું-કરાવવું-અનુમોદનથી ત્યાગ છે. કરે નહિ, કરાવે નહિ અને કર્તાને સંમત કરે નહિ. મિથ્યાત્વનું પાપ મટાડવા તે વાત કહી છે. આમાં આવ્યું છે. ૪૯૨ પાનું. આ રહ્યું, ૯૬મો શ્લોક છે. અધિકારનું નામ નથી, નામ કાંઈ નથી. (દસમો અધિકાર છે).

**वरं गणपवेसादो विवाहस्स पवेसणं।**
**विवाहे रागउप्पत्ति गणो दोसाणागरो।।९६।।**

આચાર્ય એમ કહે છે, ભાઈ! મિથ્યાશ્રદ્ધાનો દોષ મોટો છે. મહાપાપ જ એ છે. ચારિત્રદોષનું પાપ અલ્પ છે. લોકોને મિથ્યાશ્રદ્ધાનું પાપ અને સમ્યગ્દર્શનનો ધર્મ, એ બેની કિંમત નથી. તેથી કહે છે કે, ભાઈ! '**यति अंत समय में यदि गण में प्रवेश करेंगे तो शिष्यादिकों में मोह उत्पन्न होगा तथा मुनिकुल में मोह उत्पन्न होने के लिये कारणभूत ऐसे पार्श्वस्थादिक पांच मुनिओं में संपर्क होगा। उनके संपर्क की अपेक्षा से विवाह में प्रवेश करना अर्थात् गृह में प्रवेश करना अधिक अच्छा है क्योंकि विवाह स्त्री आदिक परिग्रहों का ग्रहण होता है और उससे रागोत्पत्ति होती है। परंतु गण तो...**' આમ થાય છે, નહિ આમ થાય છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે, એવું લાકડું ખોસી દેશે કે તને મહા મિથ્યાશ્રદ્ધા (થઈને તું) દર્શનભ્રષ્ટ થઈ જઈશ. દર્શનભ્રષ્ટ નહિ સિઝંતિ, ચરિત્તભા સિઝંતિ. કેમકે ખ્યાલમાં છે. પેલામાં તો શ્રદ્ધામાં જ ખબર નથી, શું રાગ? શું પર ચીજ છે? હું કોણ છું? તો કહે

છે કે, આમાં પ્રવેશ કર. એ પ્રવેશ કરાવવા માટે નથી કહેતા. પણ જેની શ્રદ્ધા વિપરીત છે એવા સાધુનો ગણસમૂહ, તેના સંસર્ગથી ભાઈ! તને મિથ્યાશ્રદ્ધા થઈ જશે. એ તો કુયુક્તિથી સમજાવશે, તારી સાચી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ જશે. એ કરતાં સ્ત્રીના સંગમાં તને ચારિત્રનો દોષ લાગશે, શ્રદ્ધાનો દોષ લાગશે નહિ. સમજાણું કાંઈ? એ બતાવે છે. સ્ત્રીમાં પ્રવેશ કરો, પાઠ તો એમ છે. '**विवाहस्स पवेसणं**' મુનિ નવ કોટિએ ત્યાગી છે. પણ કેવો અર્થ કરવો તે સમજવું જોઈએ કે નહિ? (એમ કહે), આ અહીંયાં લખ્યું છે, વ્યવહારમાં પ્રવેશ કરવાનું કહે છે. ભાઈ! તેનો આશય શું છે તે સમજવું જોઈએ ને! સંત મુનિ છે. આહાહા..! નવ નવ કોટિએ જેમને વિષયનો ત્યાગ છે. બ્રહ્મમાં રંગ લાગ્યો છે, આનંદકંદમાં રંગ લાગી ગયો છે. સમજાણું કાંઈ? કોઈ વિષય કરે, કરાવે, સંમત કરે (એમ ન હોય). તેના વિકલ્પમાં મન-વચન-કાયામાં, કરવું-કરાવવું-અનુમોદન કરવું હોય નહિ. આ..હા..! પરંતુ તેઓ કહે છે, ભગવાન! ખોટા સંગમાં પડીને જો તને મિથ્યાશ્રદ્ધા થઈ જશે, એવી કુયુક્તિ, કુતર્કથી બેસાડી દેશે તો તારી શ્રદ્ધા વિપરીત થઈ જશે. એ દોષ કરતાં સ્ત્રીના સંગમાં તો રાગનો દોષ છે ચારિત્રનો.

એ અહીંયાં કહે છે. લાલસા સ્ત્રી (છોડી) ન શકે (તો) ગૃહસ્થાશ્રમમાં રહો (અને) '**યથાશક્તિ આત્માનું મનન કરવું.**' રહો એટલે કાંઈ રાગ કરવાનું કહે છે? રહેવાનું નથી કહેતા. પણ નબળાઈ છે, કમજોરી છે, પરમાં સુખબુદ્ધિ નથી છતાં અંદર આસક્તિનો ભાવ દેખાય છે તો આસક્તિના પરિણામ છૂટતા નથી. ભાવ જોવે છે ને? ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાના સ્વરૂપનું સાધન, ધ્યાન કરો. શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનું, નિશ્ચય રત્નત્રયનું ધ્યાન કરો. સમજાણું કાંઈ? જુઓ! '**સ્ત્રીસહિત રહીને જ યથાશક્તિ...**' એ તો રહીને કીધું અને ત્યાં ('મૂલાચાર'માં) વિવાહમાં પ્રવેશ કરજે, એક જ કીધું.

'**જ્યારે વિષયોની લાલસા ન રહે,...**' પરિણામમાં એમ લાગે કે, હવે વિષયની પ્રીતિ છૂટી ગઈ. રુચિ તો છૂટી ગઈ પણ પ્રીતિ, આસક્તિ છૂટી ગઈ. એમ આસક્તિ નહિ કે સ્ત્રીને છોડી દીધી માટે આસક્તિ છૂટી ગઈ. અંતરમાં એ રાગમાં જરી અંદર મીઠાશ, આસક્તિ આવે છે. આસક્તિ છે, હોં! રુચિ નહિ. છે તો દુઃખ, છે તો ઉપસર્ગ પણ એ આવી જાય છે. એ લાલસા જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પોતાનું જ્ઞાન, ધ્યાન, શ્રદ્ધા કરો.

'**મનમાંથી વિષયવિકાર નીકળી જાય...**' જુઓ! મનમાંથી (કહ્યું છે). બહારથી તો શું, સ્ત્રી અનંતવાર છોડી, એમાં શું આવ્યું? અંતરમાં આનંદની ષ્ટિ અને આનંદની મજામાં એ આસક્તિ છૂટી જાય તો મુનિપણું લઈ લો અને મુનિપણું જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ચારિત્ર જ સાક્ષાત સુખનું કારણ છે. '**આત્મિક સુખનો પ્રેમ વધી જાય અને અભ્યાસ પણ એવો થઈ જાય કે આત્મિક રસના સ્વાદ વિના બીજા બધા વિષયરસના સ્વાદ ફીકા લાગે...**' ક્યાંય આસક્તિ પણ ન હોય. '**જિન અથવા જિતેન્દ્રિય થઈને આત્માનું મનન કરી શકે છે.**' લ્યો! સમજાણું કાંઈ? પછી ઘણું લીધું છે.

'**આત્માનુશાસન'માં કહ્યું છે : આત્મજ્ઞાની મુનિને વારંવાર સમ્યગ્જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું યોગ્ય છે.**' જુઓ! '**मुहुः प्रसार्य्य सज्ज्ञानं**'. '**मुहुः**' '**मुहुः**' એટલે વારંવાર.

**मुहुः प्रसार्य्य सज्ज्ञानं पश्यन् भावान् यथास्थितान्।**
**प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्म-विन्मुनिः।।१७७।।**

એ શ્લોક છે. સમજાણું કાંઈ? એ

'આત્માનુશાસન'નો છે. 'રામસેનઆચાર્ય'નું છે? કેવા? 'આત્માનુશાસન' તો 'ગુણભદ્રાચાર્યદેવ'નું છે. **'આત્મજ્ઞાની મુનિને વારંવાર સમ્યગ્જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું યોગ્ય છે.'** જુઓ! કહે છે, ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત છે ને, તેની અંતર દૃષ્ટિ કરી, અંતરમાં જ્ઞાનના વિકાસનો અર્થ સ્થિરતા, આનંદ, શાંતિ એટલે ચારિત્ર આદિનો વિકાસ થાય તે રીતે જ્ઞાનને ફેલાવે. રાગને ઘટાડે અને જ્ઞાનને ફેલાવે. જ્ઞાન શબ્દે આત્મા, તેની બધી શક્તિનો વિસ્તાર કરે અને રાગને ઘટાડે. સમજાણું કાંઈ? મોક્ષનો તો આવો માર્ગ છે. નિરાલંબ માર્ગ (છે). આહાહા..! જેમાં વ્યવહારનું આલંબન પણ નિશ્ચયમાં નથી, એવો ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપમાં જ્ઞાનને ફેલાવો. આત્માનો વિકાસ (કરો). જેમ કળી છે એ કળી ખીલે છે (તો) વિકાસ થાય છે. એમ ભગવાન પરમપારિણામિક સ્વભાવે શક્તિરૂપે પડ્યો છે તેમાં એકાગ્ર થઈને પર્યાયમાં વિકાસ કરો, કમળની પેઠે વિકાસ કરો. એ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું. જ્ઞાનની એકાગ્રતામાં શ્રદ્ધા પણ થઈ, ચારિત્ર થયું, આનંદ પણ થયો, સ્થિરતાશાંતિ પણ થઈ, સ્વચ્છતા પણ થઈ. રાગને ઘટાડો.

**'પદાર્થોને જેવા છે તેવા દેખવા,...'** જેવું વસ્તુનું સ્વરૂપ છે એમ જોતાં **'રાગદ્વેષ ન કરતાં સમતાભાવે આત્માનું ધ્યાન કરવું.'** ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ છે તેનું ધ્યાન કરો. એ ધ્યાન જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि'** એ આવે છે ને? પંડિતજી! 'દ્રવ્યસંગ્રહ... દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથા. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** અંતર ધ્યાન સ્વરૂપ.. જુઓ! **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચય અને વ્યવહાર બન્ને **'झाणे पाउणदि जं मुणी णियमा।'** 'દ્રવ્યસંગ્રહ'. ભગવાનઆત્મા પોતાના પૂર્ણ આનંદ સ્વરૂપની દૃષ્ટિ ધ્યાનમાં અને અંદર જ્ઞાનરૂપી ધ્યાનમાં અને લીનતા પણ અંદર ધ્યાનમાં ઉત્પન્ન થાય છે. સાથે વિકલ્પ બાકી રહે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. (મોક્ષમાર્ગ) ધ્યાનમાં ઉત્પન્ન થાય છે, બહારથી વિકલ્પથી નિશ્ચય ઉત્પન્ન થતો નથી. અંદર ભગવાનઆત્મા.. મોક્ષમાર્ગની ઉત્પત્તિ ધ્યાનમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! આચાર્યોએ તો ચારે બાજુ, કોઈપણ શાસ્ત્ર લ્યો એવી જ વાત કરી છે. સ્પષ્ટ વીતરાગમાર્ગ મોક્ષમાર્ગ છે એમ ઢંઢેરો પીટ્યો છે, ઢંઢેરો પીટ્યો છે. ભાઈ! રાગમાર્ગ એ માર્ગ આત્માનો નથી. પ્રભુ આત્મા વીતરાગસ્વરૂપ છે ને! તેની શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકલ્પ અનુભવ કરો. એ મોક્ષનો માર્ગ છે. એ ૮૬ (ગાથા પૂરી) થઈ. હવે ૮૭.

## શ્રી વીર નિર્વાણકલ્યાણક દિવસ

**અનંત ચતુષ્ટયપ્રાપ્ત શાસનનાયક શ્રી મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણકના પવિત્ર દિને તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન. તેઓશ્રીની પવિત્ર આરાધનાને લક્ષમાં લઈ નૂતન વર્ષમાં આપણે સૌ સ્વલક્ષે આત્મજાગૃતિ સહિત આત્મહિત સાધીએ એવી ભાવના સાથે સ્વાનુભૂતિપ્રકાશના સર્વ પાઠકવર્ગને નૂતન વર્ષની હાર્દિક શુભકામના.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૫૦, ૨૫૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૪–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૦૯**
**(વિષય : માર્ગદર્શન–મિથ્યાત્વની ભયંકરતા)**

**પુણ્ય–પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. ૨૫૦.**

(૨૧:૨૦ મિનિટથી)

કહે છે કે '**મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે,...**' સાતમાંથી એક વ્યસન હોય તોપણ નિંદવામાં આવે છે. સાતમાંથી એક માણસ જુગાર (રમે છે). સાતમાંથી જુગારનું એક વ્યસન છે. વ્યસન એટલે લત. એટલે એ વૃત્તિ છે એ ફરી ફરીને એવી પ્રકૃતિ વળ ખાઈને આવે કે એને જુગાર રમ્યા વિના ચેન પડે નહિ. પછી લોકો નિંદે કે ભાઈ, એ તો જુગારી માણસ છે. જુગારી માણસ છે એટલે પાપી જીવ છે. એમ કરીને એ નિંદવામાં આવે છે. ભાઈ! કહે છે કે આ મિથ્યાત્વનું પાપ તો એ સાત વ્યસનથી પણ અનંતગણું છે. ઠીક! એની જેટલી વાસ્તવિકતાએ એની જે સ્થિતિ સમજવી જોઈએ, એ ન સમજાય ત્યાં સુધી એનાથી હટવાનો, એને મટાડવાનો ઉદ્યમ પણ ન જાગે. જે પ્રયત્ન વિશેષ થવો જોઈએ, ખાસ પ્રયત્ન થવો જોઈએ એ પ્રયત્ન એને એની ભયંકરતા ભાસે નહિ અને વીતરાગી ધર્મની કિંમત સામે ભાસે નહિ, આનાથી દુઃખ કેટલું અને આનાથી સુખ કેટલું? આ અનિષ્ટ કેટલું અને આ ઇષ્ટ કેટલું? એ તુલના થાય નહિ ત્યાં સુધી કોઈપણ પ્રકારે એનો પ્રયત્ન છે એ યોગ્ય સ્થાનમાં યોગ્ય દિશા પકડે નહિ. આ પરિસ્થિતિ છે—વાસ્તવિક પરિસ્થિતિ છે આ.

તેથી એમ કહે છે કે '**મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે,...**' ઘણું મોટું છે એમ નહિ. અનંતગણું છે એમ કહે છે. એકગણું, બે ગણું, ડબલ છે, ચાર ગણું છે, દસ ગણું છે, સોગણું છે, હજાર ગણું છે એમ નહિ. લાખ-કરોડ સંખ્યાની બહાર જાય છે. અસંખ્યાતથી પણ બહાર જાય છે. અનંતગણું છે. કેમકે અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતાનુબંધીના જે પરિણામ થાય છે અને અનંતાનુબંધીના જે બંધ થાય છે એની ભયંકરતા એવી ભયંકર છે કે એનું જો ચલચિત્ર—આ સિનેમા દેખાડે છેને એ દેખાડવામાં આવે તો સ્વપ્ને પણ કોઈ એને ઇચ્છે નહિ. આ હોસ્પિટલમાં જાય, બધા વોર્ડમાં આંટો મારે તો ખબર પડે કે આ મનુષ્યપ્રાણીને પણ અશાતાના પ્રકાર અને કેટલી વેદનાના પ્રકાર છે. મોટી હોસ્પીટલ સારી બાંધી હોય એમાં આંટો મારે તો ખબર પડે એવું છે. કેવી રીતે હાથ-પગ ભાંગે છે અને કેવા કેવા ઑપરેશન

થાય. જન્મ-મરણના દુઃખ તો એથી મોટા છે. આ તો એથી સામાન્ય છે પણ જન્મ વખતના અને મરણ વખતના દુઃખ તો એનાથી ઘણા છે અને એવા એ તો મનુષ્યપ્રાણીના.

તિર્યંચોના દુઃખનો પાર નથી. તરસ લાગે અને પાણી ન મળે, ભૂખ લાગે અને આહાર ન મળે. ન મળે એમ નહિ. મારણ, તારણ, છેદન, ભેદન અનેક પ્રકારે છુંદો બોલાઈ જાય, ચેપો બોલાઈ જાય એવી રીતે પ્રાણનો નાશ થાય. આ કીડી જુઓને. હાલતા-ચાલતા પગ પડે. કેવી દશા થાય છે? એ વગેરે પ્રકારે જોવે તો એ સ્વપ્ને પણ (ઇચ્છે નહિ). એ મિથ્યાત્વના કારણે આ બધું ઊભું છે. આટલી જે પરંપરા છે એ મિથ્યાત્વના કારણે છે, મૂળ એનું છે એ મિથ્યાત્વ છે અને એ ગાંઠ જ્યાં સુધી ન છેદાય ત્યાં સુધી એમાંથી પુણ્ય-પાપના ફણગા ફૂટ્યા જ કરે છે. પુણ્ય-પાપના પરિણામને છેદવાનો ઉપાય મિથ્યાત્વનો અભાવ કરીને વીતરાગી ધર્મ પ્રગટ કરવો, એ એક જ ઉપાય છે અને પૂરા પ્રયત્નથી જેમ તે ધર્મ કરવા માટે જે જે પ્રકારે બોધ, ઉપદેશ, સૂચના, માર્ગદર્શન જે શબ્દમાં કહીએ, આજ્ઞા કરવામાં આવી છે એ આજ્ઞાને શીર્ષાવંદ્ય માથે ઉપાડવામાં ન આવે ત્યાં સુધી કોઈ પ્રકારે એનું આરાધન અને આદર થઈ શકતો નથી.

એ અનંતગણું મિથ્યાત્વનું પાપ છે. **'તેનું જે પોષણ કરે છે...'** મિથ્યાત્વનું પોષણ કરે છે **'તેણે કષાયખાના માંડ્યા છે.'** એણે એક કષાયખાનું નથી માંડ્યું, એણે ઘણા કષાયખાના માંડ્યા છે. પુણ્યથી અને પુણ્યના ફળથી જે સુખનો અભિપ્રાય છે, સુખની જે શ્રદ્ધા છે એ એને કતલખાના મંડાવશે. જેણે કતલખાનુ માંડ્યું છે એણે શું વિચાર્યું છે કે આનાથી મને અનુકૂળ સંયોગોની વૃદ્ધિ થાય છે, પ્રાપ્તિ થાય છે અને વૃદ્ધિ થાય છે માટે આ કરવા જેવું છે. સિદ્ધાંત તો એકસરખો થઈ ગયો. પ્રવૃત્તિમાં વિશેષતા થઈ ગઈ. કેમ થઈ ગઈ? કે અંદરમાં જે સિદ્ધાંત પકડ્યો હતો અને અભિપ્રાય થઈ ગયો હતો એના કારણે આ બધું થવા લાગ્યું. એમાં પછી એને આટલું પાપ કરવાનું ફળ શું એનો વિવેક રહેતો નથી.

જેમ મિથ્યાત્વનું ફળ નિગોદ છે. આ તો સમજી શકાય એટલે દૃષ્ટાંત દેવાય છે. પણ ખરેખર તો મિથ્યાત્વનું ફળ નિગોદમાં રહેવું તે છે. કેટલો કાળ જીવ નિગોદમાં રહે છે? કે અનંત કાળ નિગોદમાં રહે છે. એ મિથ્યાત્વના ફળમાં જાય છે. સાત વ્યસનના પાપના ફળમાં તો જીવ નરકમાં જાય છે. આપણા જૈનમાં ઘણાને તો એ ખબર નથી કે નિગોદનું દુઃખ વધારે કે નરકનું દુઃખ વધારે? બહારમાં ઓલા પ્રતિકૂળતાઓના દેખાવ ચોખ્ખા દેખાય એવા છેને, ઇન્દ્રિયજ્ઞાનથી સમજાય એવા નરકના દુઃખના. એટલે જીવ એમ માને છે કે નારકીમાં દુઃખ વધારે છે. નારકી કરતા અનંતગણું દુઃખ તો નિગોદમાં છે. પ્રચુર કષાયકલંકના પરિણામ છે ત્યાં. એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મ-મરણ થાય એટલા ટૂંકા આયુષ્યમાં એ અનંત કાળ પર્યંત નિગોદમાં જ જન્મ-મરણ થાય એવા આયુષ્યને બાંધે છે. એટલે કે એવા પરિણામ કરે છે.

નિગોદમાં જ જન્મે, નિગોદમાં જ મરે, નિગોદમાં જ જન્મે અને નિગોદમાં જ મરે એવા જ એ નિગોદના ભાવ કરે છે. અને એ ભાવથી છૂટવા માટે એની પાસે કોઈ બુદ્ધિ, વિવેક, .. કાંઈ એને અવકાશ રહેતો નથી એટલે અનંત... અનંત... અનંત કાળ એમાં એ જીવ કાઢે છે. છદ્મસ્થનો તો કાળ ઓછો છે, બહુ અલ્પ કાળ છે. વધુમાં વધુ બે હજાર સાગર એ તો ઉત્કૃષ્ટ કાળ છે.

... એવી સ્થિતિ ઉત્પન્ન થાય છે, એવું મિથ્યાત્વનું ઘણું મૂળ ઊંડુ જાય છે. અને એ મિથ્યાત્વ ભયંકરમાં ભયંકર (છે). આ વિશ્વમાં કોઈ ભયંકર હોય તો એ મિથ્યાત્વ જ છે એમ એને સમજાય

જવું જોઈએ. તો એ કોઈપણ પ્રકારે એનો ત્યાગ કરવો, એનો અભાવ કરવાનો પ્રયત્ન કરે, બીજા બધા કામ છોડીને. અથવા છોડીને એટલે ગૌણ કરીને. કે જેમ બીજું થાવું હશે તેમ થાશે. આ કાર્ય તો મારે કરવું, કરવું ને કરવું જ.

એટલે મિથ્યાત્વનું પોષણ થાય એ દિશામાં તો અત્યંત અત્યંત સાવધાની રહેવી ઘટે છે એમ કહેવું છે. મિથ્યાત્વનું પોષણ થાય એ દિશામાં તો અત્યંત અત્યંત સાવધાની રહેવી ઘટે છે. અગૃહીત મિથ્યાત્વ અનાદિનું ચાલુ છે. મનુષ્યપર્યાયમાં આવીને ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ ઊભો થાય છે અને તે ધર્મના બહાને અને ધર્મના નિમિત્તે થાય છે. એટલે એ વિષયમાં ગુરુદેવશ્રીએ અનંત કરુણા કરીને એ વાતને સ્પષ્ટ કરી છે. આ પુણ્ય-પુણ્ય કરીને મીઠાશ વેદે છેને જીવ? એ પુણ્ય કરે છે એમાં પુણ્યતત્ત્વને બુદ્ધિપૂર્વક જે કલ્યાણનું કારણ માને છે, મોક્ષનું કારણ માને છે, આત્માના હિતનું કારણ માને છે તે ગૃહીત થાય છે.

અન્યમતમાં અને બીજા ફેરફારમાં તો ગૃહીત મિથ્યાત્વ થઈ જ જાય છે. જૈનદર્શનમાં પણ બીજા ફેરફાર કરે તો ગૃહીત મિથ્યાત્વ થઈ જાય છે. અન્ય મતમાં તો સ્થૂળ ગૃહીત મિથ્યાત્વ છે. પણ કહેવાતા જૈનદર્શનમાં એ રહે અને સનાતન જે માર્ગ ચાલ્યો આવે છે એમાં ફેરફાર કરે તોપણ એને ગૃહીત મિથ્યાદર્શનનો પ્રસંગ ઊભો થઈ જાય છે. આવો વિષય છે. ગૃહીત એટલે સ્થૂળ મિથ્યાત્વ થઈ ગયું, ત્યાં તીવ્ર મિથ્યાત્વ થઈ ગયું. અહીં તો અગૃહીત છૂટીને મોક્ષમાર્ગમાં આવે એ પ્રકાર એણે ગ્રહણ કરવો જોઈએ. એટલી હદે આવવાની વાત છે.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વનો ...

પૂજ્ય ભાઈશ્રી :- દોષમાં ગૃહીત મિથ્યાત્વમાં છે એ મિથ્યાત્વની તીવ્રતામાં આગળ વધ્યો છે. મિથ્યાત્વ બંનેમાં સામાન્ય છે પણ તીવ્ર મિથ્યાત્વને કારણે એને સમ્યગ્દર્શનમાં આવવા માટે વધારે દૂર થયો છે. આટલો ફેર છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા માટે વધારે એ દૂર ગયો છે એમ કહેવું જોઈએ. આમ છે. અથવા સત્ય સ્વરૂપથી એ વધારે દૂર ગયો છે. અસત્યને વધારે દૃઢ કરવામાં એના પરિણામ શ્રદ્ધાના કામ કરે છે. અસત્યને દૃઢ કરવા માટે. એમ વાત છે.

મુમુક્ષુ :- ગૃહીત ઉપર વજન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમજણમાં પણ બહુ સાવધાની રાખવાનો વિષય છે. જરાક બુદ્ધિથી ફેરફારવાળું સમજે એટલે ગૃહીતમાં ચાલ્યો જાય. એટલે તો આનંદઘનજીએ એક પદ ગાયું છે એમાં એ વાત લીધી છે કે 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા.' આમાં તો ચૌદમા જિનની સ્તુતિ કરી છે. ચૌદમાં જિન શું નામ છે? ધર્મનાથ?

મુમુક્ષુ :- અનંતનાથ.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતનાથ છે. ચૌદમા જિન અનંતનાથ છે. અનંતનાથ ભગવાનની સ્તુતિ કરતાં એ વાત કરી છે. એ તો એક પ્રાસ મેળવવા. બાકી સર્વ તીર્થંકરોએ એક જ વાત કરી છે. કોઈ પહેલાએ બીજી વાત કરી છે અને ચૌદમાએ બીજી કરી છે અને ચોવીસમાંએ બીજી કરી છે એમ તો છે નહિ. એક માર્ગે ચાલ્યા છે અને એક જ માર્ગની વાત કરી છે. પણ એમ કહે છે કે એ વાત એટલી સહેલી નથી. જરાક ફેરફાર કરવા જાય એટલે કે એક આત્મામાં શ્રદ્ધાએ, જ્ઞાને અને આચરણે કરીને આવવાનો પ્રયાસ ન કરે તો બહાર વયો જશે. અનાત્મ તત્ત્વ ઉપર એનું વજન જશે. એ અનાત્મ તત્ત્વ ઉપર બુદ્ધિપૂર્વક ગયો એટલે ગૃહીત કહી દીધું. સમજીને ચાલ્યો એટલે એને ગૃહીત કહી દીધું. એમ કહે છે. અણસમજણે ચાલે તે અગૃહીત છે અને સમજીને ચાલે તે ગૃહીત છે. એને બુદ્ધિ યોગ્ય રીતે

લગાવવી જરૂરી હતી, જ્યારે એને બુદ્ધિ લગાવવાની તક મળી છે ત્યારે. એટલી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વી ધર્મના કાર્ય કરતો નથી, પુણ્યના કાર્યો કરે છે. મિથ્યાત્વીને ધર્મ નહિ હોવાથી તે ધર્મના કાર્યો કદી કરતો નથી, કરી શકતો નથી. પુણ્યના જે કાર્યો કરે છે... હવે પોતાના પુણ્ય પરિણામથી જેને ખસવું છે, પોતાના પુણ્ય પરિણામને છેદીને જે વીતરાગી ધર્મમાં આવવા માગે છે તે બીજાના પુણ્ય પરિણામને કઈ રીતે અનુમોદે? કે એને અનુમોદન કરવાનો પ્રશ્ન રહેતો નથી. આમ વાત છે. જે પોતે ન કરે એ બીજાને કરાવે કે અનુમોદે એ વાત ક્યાં રહી?

એને એમ કહે કે ભાઈ! તમે આ જે કાંઈ પ્રશસ્ત કાર્યો કરો છો, શુભ કાર્યો કરો છો અથવા પ્રશસ્ત કાર્ય કરો છો તો એ પ્રશસ્ત કાર્યો પુણ્યબંધના કારણ છે એમ જાણજો. અને એને કદી તમે ધર્મ માનશો નહિ. નહિતર તમે મિથ્યાત્વમાં, ગૃહીત મિથ્યાત્વમાં ફસાઈ જશો. એમ એને સ્પષ્ટ સમજણ આપે. પણ એને ધર્મ માની, મનાવીને કે અનુમોદીને એ પ્રકારે પ્રવૃત્તિ કરે નહિ. એમ છે.

મુમુક્ષુ :- સાવ ભેળસેળ.

પૂજ્ય ભાઈશ્રી :- ભેળસેળ છે એનું નામ જ ગડબડ છે બધી. નામ જૈનદર્શન અને અંદર ભેળસેળ. ચોખ્ખા ઘીના વેપારમાં વેજીટેબલ ભેળવી દે એના કરતા વેજીટેબલનું ચોખ્ખું પાટીયું મૂકીને બેઠો હોય એ સારો કે એને છેતરાવાનું તો નહિ કે ભાઈ સમજીને આવે છે માણસ અહીંયાં. ભેળસેળવાળું કામ કરે એ તો કાંઈ યોગ્ય નથી. ચોર છે એ શરાફની દુકાનનું પાટીયું લગાવીને બેસે અને લોકો છેતરાઈ જાય એ તો ખોટું જ છેને. એમ ભગવાનનું અરિહંતનું, વીતરાગદેવનું, જિનેન્દ્રદેવનું, તીર્થંકરનું નામ લેવું અને તીર્થંકરે કહ્યું એ માર્ગથી ઊંધે ચાલવું, પોતે છેતરાઈ જવું અને બીજાને છેતરવામાં મોઢાઆગળ થવું, મુખ્યતા કરવી એ તો આત્માને ઘણા નુકસાનનું કારણ છે. એ ૨૫૦ થયો.

---

**વિષય :- માર્ગદર્શન**

**પર્યાયદષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. ૨૫૧.**

૨૫૧. 'પર્યાયદષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી.' નાડ પકડી છે. ધર્મના ક્ષેત્રમાં જીવ મિથ્યાત્વભાવને કેવી રીતે દઢ કરે છે એ કહે છે. માણસને એમ થાય કે આવું બધું ન કરીએ તો પછી હવે અમારે કરવું શું? જો દયા, દાન, પૂજા, ભક્તિ, યાત્રા અને પ્રભાવના ન કરીએ તો અમારે કરવું શું? કે ભાઈ! તારે સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના

પરિણામે પરિણમવું, અંદરમાં વીતરાગી ધર્મના પરિણામે પરિણમવું. આ કરવા જેવું છે, આ કર્તવ્ય છે. બીજું કરવા જેવું છે એ વાત છે નહિ. બીજા પરિણામ બહારમાં આવા થાય મોક્ષમાર્ગમાં તોપણ મોક્ષમાર્ગી જીવોએ તેનો અભાવ કરીને સિદ્ધાલયમાં પહોંચવાનો પ્રયત્ન કરીને પહોંચ્યા છે. એમ છે કે નહિ?

જે સિદ્ધ પરમાત્મા કરે છે તે તારે કરવું. સિદ્ધ પરમાત્મા જે કરે છે તે તારે કરવું. ભગવાન કરે છે તે તારે કરવું કે ભગવાન ન કરે તે તારે કરવું? સિદ્ધ પરમાત્મા દયા, દાન, પૂજા, ભક્તિ, યાત્રા અને પ્રભાવના કરે છે? કે નથી કરતા. પહેલા કરતા હતા? કે હા, પહેલા કરતા હતા. એ કરતા કરતા એણે છોડ્યા કે વધાર્યા? કે છોડ્યા. બસ. તો તું અત્યારે કરતો હો તો તું પણ એને છોડી દે. છોડી દે એટલે તારા વીતરાગ ધર્મમાં તું લીન થા, વીતરાગી આત્મામાં લીન થા એમ અહીંયાં કહેવા માગે છે.

**‘પર્યાયદૃષ્ટિવાળો જીવ...’** એ પર્યાયદૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. પર્યાયદૃષ્ટિમાં જીવને જે-તે સમયે જે જે ઉદયિકભાવની પર્યાય થાય છે તેવો, તેવડો, તેટલો હું એમ પોતાને એવા ઉદયભાવે એટલે રાગાદિ ભાવે એટલે કે સકષાય પરિણામે એવો હું એમ પોતાને સ્થાપે છે તેને પર્યાયદૃષ્ટિવાળો કહેવામાં આવ્યો છે. અથવા એ ક્ષણ ક્ષણની પર્યાય લીધી, ચાર ગતિમાં જે પર્યાયે જન્મ્યો છે તેવો હું તે પણ પર્યાયદૃષ્ટિ છે. અત્યારે હું મનુષ્ય છું. એમાં મનુષ્ય છું, પુરુષ છું, સ્ત્રી છું, રાજા છું, રંક છું, શેઠીયો છું, પંડિત છું, મૂર્ખ છું, ગૃહસ્થી છું, ત્યાગી છું. એવા જેટલા કોઈ ઉદયિકભાવરૂપ સ્થિતિના પરિણામ છે એવો છું એ બધું પર્યાયબુદ્ધિમાં જાય છે. એ પર્યાયદૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો બધું એકાર્થ છે.

એવો **‘જીવ દયા-દાન,...’** પરિણામ કરે ત્યારે એનો કર્તા થાય છે. પૂજા-ભક્તિના પરિણામ થાય ત્યારે એનો કર્તા થાય છે. એ **‘યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવો...’** થાય તે શુભભાવોનો કર્તા થાય છે. કર્તા થાય છે એટલે શું? અભેદ બુદ્ધિએ તેને હું કરું છું એવો એ અનુભવ કરે છે કે મેં પૂજા કરી, મેં ભક્તિ કરી, મેં દયા પાળી અને મેં દાન દીધું. એવા શુભરાગના પરિણામમાં અભેદભાવે એટલે કે પૂરા મમત્વથી, અભેદભાવે એટલે પૂરા મમત્વથી એ પરિણમે છે. ત્યારે એને એ કર્તા થયો એવો અનુભવ થાય છે કે આ મેં કર્યા, એ મારું કાર્ય, એ મારું ઈષ્ટ કાર્ય. કર્તાનું ઈષ્ટ તે કર્મ. આ મારું ઈષ્ટ કાર્ય. ઈષ્ટ એટલે ભલું થવાનું કાર્ય અને એનો હું કરનારો. કર્તા-કર્મ, અભેદ તત્ત્વમાં હોય છે. જુદા જુદા તત્ત્વમાં કર્તા-કર્મની પરિસ્થિતિ નથી.

હવે આ જે શુભના પરિણામ છે તે અન્ય તત્ત્વ હોવા છતાં એનો કર્તા થાય છે એનો અર્થ એ છે કે એમાં અભેદ બુદ્ધિ કરીને અભેદતાએ પરિણમે છે. પૂરા મમત્વથી પરિણમે છે. અને એ પરિણામમાં એવા મમત્વવાળા પરિણામ કરીને ઊલટાનો એના ઉપર જેમ શિખર ઉપર ધજા ચડાવે, જુઓ, અમારો ધ્વજ ફરકે છે, એમ અહંકારનો ધ્વજ ફરકાવે છે પછી કે હું બીજા નથી કરતા એવું કરું છું. બીજા આટલું દાન નથી દેતા એના કરતા હું દઉં છું એ પ્રમાણમાં વધારે છે. બીજા સ્વાધ્યાય કરવા આવતા નથી. હું તો રોજ સ્વાધ્યાય કરવા આવું છું. ઠીક! અહંકારનો ધજાગરો બાંધે છે, ધજા ફરકાવે છે. એક તો પુણ્યના પરિણામમાં કર્તા થઈને મમત્વ કરે છે અને એના ઉપર અધિકતા કરે છે કે બીજા કરતા હું વધારે સારો. એ અધિકાઈ કરે છે.

**‘બીજા કરતા પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો...’** મમત્વ અને અહંપણું

અને મમપણું બેય કરે છે. તે જીવ મિથ્યાત્વભાવને કરે છે એમ નહિ. 'દૃઢ કરે છે...' લ્યો ઠીક! પણ રોજ સ્વાધ્યાય કરવા આવે અને મિથ્યાત્વને દૃઢ કરે? કે હા. સ્વાધ્યાય કરવા આવે અને વિપરીત બુદ્ધિ કરીને ગૃહીત મિથ્યાત્વને દૃઢ કરે, ગૃહીત કરે અને ગૃહીતને પણ એ દૃઢ કરે. જાવું ક્યાં પણ હવે? કે જાવું આત્મામાં. આ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ.

એટલો એક બહુ સ્પષ્ટ ખ્યાલ કરવા જેવો આ વિષયમાં આ છે કે જેટલા કોઈ બહિર્મુખ પરિણામ છે, જેટલા કોઈ બહિર્મુખ ભાવ છે તે આત્માના અંતઃતત્ત્વ સ્વરૂપથી, ઊલટી દિશાના પરિણામ હોવાથી એ કર્તવ્ય છે એ વાત ધર્મના પ્રકરણમાં નથી. આત્મા જે અંતઃતત્ત્વસ્વરૂપ છે, પરમાત્મતત્ત્વ છે, સાક્ષાત્ સિદ્ધપદ છે એ અંતર્મુખ પરિણામ દ્વારા અનુભવમાં આવે છે અને તેથી એકાંતે અંતર્મુખ પરિણામ કરવાનો આદેશ અને ઉપદેશ છે. વીતરાગમાર્ગમાં તો અંતર્મુખ પરિણામ કરવાનો ઉપદેશ છે. એ અંતર્મુખતા છોડીને જેટલું પણ બાહ્ય પરિણમન છે, બહિર્મુખ ભાવ છે એ છોડવા જેવું છે અથવા કર્તવ્ય નથી. એટલી વાત સાવ સ્પષ્ટ છે.

બે દિશા છે—અંતર્મુખ અને બહિર્મુખની. એમાં અંતર્મુખ દિશામાં જ વળવું, આગળ વધવું, વિકાસ કરવો, પૂર્ણ થવું. બહિર્મુખતા છોડવી. એકસાથે ન છૂટે તો ક્રમશઃ પણ છોડવી પણ શ્રદ્ધાન જ્ઞાનમાં એ વાત સ્પષ્ટ છે કે કરવા જેવું નથી. જે છોડવા જેવું છે તે કરવા જેવું નથી. એમ.

એટલે એમ કહે છે કે '**એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દૃઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગ...**' નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગ એટલે અંતર્મુખ જે મોક્ષમાર્ગ અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ એને '**લેશમાત્ર પણ જાણતો નથી.**' એનું એને તદ્દન અજ્ઞાન વર્તે છે એમ કહેવું છે. જે જીવ બાહ્ય પરિણામમાં અથવા શુભ પરિણામ થવાના કાળે કર્તા થઈને પરિણમે છે તે જીવ મોક્ષમાર્ગને જાણતો પણ નથી, ઓળખતો પણ નથી.

કોઈ એમ કહે કે દયા, દાન, પૂજા, ભક્તિ વગેરેના પરિણામ તો મોક્ષમાર્ગી જીવને જોવામાં આવે છે. મોક્ષમાર્ગી જીવ પણ એવા પરિણામ કરે છે એમ દેખાય છે. અમે પણ એવા પરિણામ કરીએ છીએ. કહે છે કે એ બે પ્રકારના શુભભાવમાં બહુ મોટું અંતર છે. મિથ્યાદૃષ્ટિ જીવ કર્તા થઈને કરે છે. અને ધર્મીને મોક્ષમાર્ગી જીવને તે પરિણામ અકર્તા ભાવે થાય છે. કરે છે એમ વાત એને લાગુ પડતી નથી. કરવાનો અભિપ્રાય નથી છતાં પરિપૂર્ણ વીતરાગતા પ્રાપ્ત નહિ થઈ હોવાથી પુરુષાર્થની કચાશને લઈને અસ્થિરતા ઊભી થતી હોવાથી તે અસ્થિરતામાં હેયબુદ્ધિએ તેને થઈ આવે છે. કરવા છે એ પ્રકાર છે નહિ. થઈ આવે છે.

એક માણસને દંડ આપો તો એ દંડને પરાણે ભોગવે. પણ એનો અર્થ એમ નથી કે એને એ શિક્ષા ભોગવવાની હોંશ અને રસ છે. એમ લઈ શકાય નહિ. એમ જેણે પોતાના પૂર્ણ વીતરાગસ્વરૂપને શ્રદ્ધ્યું છે, પોતાના પૂર્ણ વીતરાગસ્વરૂપને જાણ્યું છે અને એ પોતાનું પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ જ જેને ઉપાદેય છે, એકાંતે ઉપાદેય છે તેને એ વીતરાગસ્વરૂપથી વિરુદ્ધ એવા રાગાદિ ભાવો ઉપાદેય છે એ વાત તો રહેતી નથી. છતાં એને થાય છે. થાય છે એ મોક્ષમાર્ગમાં ઊભો છે, મોક્ષમાર્ગને એ જાણે છે. એને મોક્ષમાર્ગથી અજ્ઞાન છે એમ ન કહી શકાય. પણ જે પર્યાયદૃષ્ટિએ કર્તા થઈને પરિણમે છે અને ઊલટો ઉપર છોગું ચડાવે છે, એનું અભિમાન કરે છે કે નહિ, આ તો મેં બીજા નથી કરતા એના કરતાં પણ ઘણું સારું કર્યું છે. એવા જીવને તો

મિથ્યાત્વ દઢ થાય છે. મિથ્યાત્વ દઢ થાય છે એમ નહિ, ભલે આખું જગત એને ધર્મી જીવ છે એમ કહેતું હોય કે આ બહુ ધર્મ કરે છે, ઘણો ધર્મ કરે છે. એટલા ધર્મના પરિણામ કરે છે કે વાહ! જ્ઞાની કહે છે કે એ ધર્મના માર્ગને, ધર્મને, મોક્ષમાર્ગને એટલે ધર્મને જાણતો પણ નથી. લેશમાત્ર જાણતો નથી. થોડોક પણ જાણતો નથી. એટલો એ ધર્મના માર્ગથી અજાણ્યો છે એમ અહીંયાં કહેવા માગે છે. આ એનું રહસ્ય છે. લોકો ધર્મી ધર્મી કરીને ફૂટી મારે. ફૂટી મારે એટલે બિચારો મરાઈ જશે પાછો.

એક તો શું છે કે પોતાને અંદરમાં અભિમાનના પરિણામ થઈ જતા હોય કે મેં આ કર્યું. બીજા નથી કરતા એવું મેં કર્યું. એમાં બીજા વખાણે. કોઈ બીજા પ્રશંસા કરે. એટલે એને તો જે રસ ઉત્પન્ન થતો હોય એ રસ વધવાનું નિમિત્ત બની જાય છે. બીજા એને કરાવતા નથી કાંઈ પણ એક તો એની યોગ્યતા હીણી છે, એમાં બહારના નિમિત્તો તે જ પ્રકારના પાછા એને મળે છે એટલે એ તીવ્ર અભિમાનમાં અને અહંકારમાં આવે છે અને મોક્ષમાર્ગથી ઊલટાનો દૂર થઈ જાય છે.

અહીંયાં તો એમ કહે છે કે મોક્ષમાર્ગને એ કરતો નથી, આદરતો નથી, આરાધતો નથી, ઊલટાનું મોક્ષમાર્ગનું એને જરાય જ્ઞાન પણ નથી એમ કહે છે. એને મોક્ષમાર્ગનું જ્ઞાન હોવાનો નિષેધ છે. ઠીક! પણ આટલા બધા શાસ્ત્રો વાંચીને સમજાવી શકે તોપણ? કે એ શાસ્ત્રના નિમિત્તે શુભ ભાવો થાય, એ શુભભાવમાં એને અહંકાર થાય, તો કહે છે કે એ મોક્ષમાર્ગને લેશમાત્ર સમજ્યો નથી, જાણતો નથી, એ ઓળખતો નથી, એની એને ખબર નથી. આમ લ્યે છે. અજાણ્યો છે હજી. જે સાક્ષાત્ વીતરાગમાર્ગ છે એ માર્ગમાં અંતર્મુખ કેમ થવાય એનાથી એ તદ્દન અજાણ્યો છે. એટલે એ અંતર્મુખથી વિરુદ્ધ એવું જે બહિર્મુખપણું તેમાં વેગથી અને રસથી આગળ વધી ગયો છે એમ કહેવા માગે છે.

એ રીતે અહીંયાં બહિર્ભાવોનો નિષેધ છે અને અંતર્મુખ ભાવોને આદરવાની અહીંયાં સૂચના કરી છે. અહીં સુધી રાખીએ...

***

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૯મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૮૯મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૭-૧૨-૨૦૨૧ થી માગશર સુદ-૮, તા. ૧૧-૧૨-૨૦૨૧ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૦-૧૨-૨૦૨૧ના દિવસે પોલીસ પરવાનગી મળ્યે જ જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

**કાર્યક્રમ તથા સંપર્ક સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૧–B



... બધે ઠેકાણે આત્માનું ધ્યેય રાખવાનું. ગમે ઈ ક્ષેત્રમાં, ગમે ત્યાં હોય પણ આત્માનું ધ્યેય રાખવું. એ મંગળિક કહે છેને. ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગત્તમા, કેવળી પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા, ચત્તારિ શરણં પવ્વજ્જામી, અરિહંતા શરણં પવ્વજ્જામી, સિદ્ધા શરણં પવ્વજ્જામી, સાહુ શરણં પવ્વજ્જામી, કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં પવ્વજ્જામી. ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે, ભવસાગરથી તરે તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાય, સંસારમાંહી શરણ ચાર. અવર શરણ નહિ કોઈ, જે નર–નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે લબ્ધિતણા ભંડાર, ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

રહેવાનું ઘણું દૂર થઈ ગયું એટલે.

પ્રશ્ન :– પ્રારબ્ધ યોગે રહેવાનું દૂર થયું છે. માતાજી! ભાવથી તો આપની સમીપે જ વર્તીએ છીએ. પરંતુ પ્રારબ્ધ યોગ એવો છે કે ...

ઉત્તર :– કોઈ નથી. વિભાવ દેશ અમારો નથી. કોઈ પોતાનું નથી. બધું પોતાનું પોતામાં વસી ગયું છે.

પ્રશ્ન :– વીતરાગી દેવ–શાસ્ત્રનું સ્વરૂપ .. પુરુષાર્થ સાથે સાથે એ તો શરણની ખાસ...

ઉત્તર :– એ તો સાથે હોય જ છે, એના હૃદયમાંથી જાય નહિ એને. એ બહારના સંયોગ એક બાજુ રહે. પણ એને ભાવના તો એમ રહે કે મને કેમ મળે દેવ–ગુરુ–શાસ્ત્રનો સાથ? મને એના દર્શન કેમ થાય? એની વાણી કેમ મળે? એવી ભાવના તો પોતાને રહ્યા જ કરે. એનો અંતરમાં તો એ આશ્રય લીધા જ કરે. બહારનો સંયોગ ન હોય તો એને ભાવના રહે. મને કેમ, ક્યારે ભગવાનના–ગુરુના દર્શન થાય? ગુરુના, ગુરુની વાણીના, એ તીર્થ ભૂમિના, બધાના. એમ ભાવના તો રહ્યા જ કરે. જ્યાં સંતો અને ગુરુ અને બધા તીર્થંકરો વિચર્યા હોય એ બધી ભૂમિ જ તીર્થસ્વરૂપ છે. ભાવના તો અંદર રહ્યા જ કરે. એનો સાથ અંદરમાં હોય છે પોતે અંદર આગળ જાય ત્યારે. ઉપાદાન કરવાનું પોતાને છે પણ અંદરમાં એને ભાવના તો એમ રહ્યા જ કરે.

પ્રશ્ન :– આપે જ પહેલા કહ્યું હતું કે કરશું અમારી મેળે, પુરુષાર્થ કરશું મેળે, પણ આપના વિના મને નહિ ચાલે.

ઉત્તર :– આપના વિના અમને નહિ ચાલે, અમારે તમારો સાથ જોઈશે. પદ્મનંદિઆચાર્ય કહે છે, અમને આ પૃથ્વીનું રાજ પણ જોઈતું નથી અને ત્રણ લોકનું રાજ મળે તો પણ જોઈતું નથી. એ બધું તુચ્છ છે. એક ગુરુની વાણી અમારા હૃદયમાં જે જમાવટ કરી છે એની આગળ બધું તુચ્છ છે. પદ્મનંદિઆચાર્ય કહે છે.

ગુરુદેવે તો વર્ષો સુધી વાણી વરસાવી. અંતરમાં બધાને દૃઢ પરિણતિ થઈ જાય એટલી વાણી વરસાવી છે. દૃઢતાથી એટલી જમાવટ ગુરુદેવે વરસાવી પણ પોતે અંદર ગ્રહણ કરવું પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :– ગુરુદેવે ૪૫ વર્ષ વરસાવી. હવે આપ એમના વારસદાર આજે એક જ્ઞાનગંગા સોનગઢમાં અવિરતપણે

વહેતી જ રહી છે. જે મુમુક્ષુના અહોભાગ્ય છે આપની અમૃતમયવાણીની જ્ઞાનગંગા હજી નિરંતર ચાલુ જ છે.

ઉત્તર :- ગુરુદેવની (વાણીના) તો ધોધ વરસતા હતા. આપણે તો થોડુંક જે કહેવાય છે (કહીએ છીએ).

પ્રશ્ન :- .. જાગીને એકદમ શોરબકોર, માણસોને પકડું તો એકદમ જોરથી ભાગી ગયા. .. ના રસ્તે ઘણા દોડ્યા બધા પણ પકડાણા નહિ. અને ગુરુદેવના તો એક અંગરક્ષક જ હતા ઈ.

ઉત્તર :- કોઈ કાંઈ કરી શકતું જ નથી.

પ્રશ્ન :- ગુરુદેવના જ પુણ્ય હતા અને ભક્તોની...

ઉત્તર :- તૈયારી એટલી તૈયારી હોય. ચારે કોર ચીવટ રાખીને જોતા કે શું થાય છે?

પ્રશ્ન :- આપના ... આપના ભક્તો પણ એટલા જ ભક્તિભાવથી તૈયાર. એવી અમે અંદરથી ભાવના ભાવીએ છીએ.

પ્રશ્ન :- એક પ્રશ્ન છે, એ બધાનું ... ટળે, શરણ લે અને કદાચ દોષ લાગે તોપણ દોષ નહિ લગતા હૈ એમ વાંચનમાં સાંભળ્યું છે.

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- મોટાનું શરણ લે એને દોષ ન લાગે. મોટાનું શરણ લે એને કદાચ દોષ આવે તોપણ દોષ લાગતો નથી.

ઉત્તર :- મોટાને આશ્રયે કે જે દેવ અને ગુરુનો આશ્રય લીધો તો વિભાવમાં તું પડ્યો છે તો તને દોષ આવે તો એ મોટાને આશ્રયે બધા દોષ ટળી જાશે એમ કહે છે. મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા? એમ ગુરુનો આશ્રય લીધો. એ આત્માનું સ્વરૂપ સમજાવે છે અને તને એ સમજવાનું ધ્યેય છે તો વચ્ચે વિભાવ છે, પણ એ દોષ કાંઈ કામ નથી કરવાનો, એ દોષ ટળી જવાનો છે. એટલે દોષ આવે એટલે દોષ તારે ટળી જવાનો છે એમ કહે છે.

પ્રશ્ન :- ... ચાહે લંડન રહે કે ચાહે ગમે ત્યાં રહે, એક ધ્રુવનું શરણ લીધું.

ઉત્તર :- એ તો થોડોક અંદર બચાવ થાય છે.

પ્રશ્ન :- બરાબર છે માતાજી! એકદમ સત્ય વાત આપે કરી.

ઉત્તર :- આત્માર્થીને એવી ભાવના ન હોય કે ભલે લંડન હોય. ભાવના તો એવી હોય કે જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોયને એવા ક્ષેત્રમાં હું રહું પણ મારા સંયોગ એવા છે કે મારે ત્યાં રહેવું પડે છે. લંડન રહેવું પડે છે એમ હોવું જોઈએ. અહીંયાં આવી જઈએ. ઈ ક્ષેત્રમાં તીર્થંકરો જન્મતા નથી, ઈ ક્ષેત્રમાં મુનિઓ વીચરતા નથી. આ આર્યક્ષેત્રમાં અહીં તીર્થંકરો જન્મ્યા છે, અહીં અયોધ્યાભૂમિ જન્મભૂમિ તીર્થંકરોની છે. નિર્વાણભૂમિ છે. મુનિઓ અહીંયાં વિચરે છે. બધું આ આર્યક્ષેત્રમાં થાય છે. સંતો અહીં જન્મ છે, મહાત્માઓ અહીં જન્મે છે, ત્યાં કાંઈ નથી થતું. જો બધું ક્ષેત્ર સરખું હોય તો ત્યાં કોઈ આ જે મહાપુરુષો અને તીર્થંકરો ત્યાં જન્મતા નથી એવા ક્ષેત્રમાં. માટે મુમુક્ષુને એવી ભાવના હોવી જોઈએ કે આર્યક્ષેત્રમાં મારો નિવાસ હોય. અનાર્યમાં મારો નિવાસ હોય એવી ભાવના ન હોવી જોઈએ. મારા સંયોગ એવા છે કે મારે અહીં રહેવું પડે છે એ વાત જુદી પણ એવી ભાવના તો ન જ હોય.

પ્રશ્ન :- અમારા દેશમાં.. અમારા દેશમાં..

ઉત્તર :- ઈ આવે છે લૌકિકમાં. મુનિઓની ચારિત્રદશાની સાધના એ ક્ષેત્રમાં થાતી નથી. ભાવલિંગી મુનિઓ આ આર્યક્ષેત્રમાં જ વિચરે છે. બધા આ જે મહાત્માઓ, આત્માની સાધના કરનારાઓ, તીર્થંકરો બધા આર્યક્ષેત્રમાં જન્મે છે મહાત્માઓ બધા. ત્યાં કોઈ મહાત્માઓ થતા નથી. એ તો પછી એવા સંયોગને લઈને જાવું પડે એ જુદી વાત છે.

એને ખેદ રહે કે મારે અહીં રહેવું પડે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો સમાગમ બધો હોય એ તો મહાભાગ્યની વાત છે. મને અંતર બધો માર્ગ મળે, સુલભતા મળે, પુરુષાર્થની વિશેષ વિશેષ અંદર દૃઢતા થાય. આ તો બધું મારી મેળે મેળે કરવાનું રહે છે, આગળ વધવાનું. સમ્યગ્દર્શન પામવા પૂરતું એ ઠીક પણ ત્યાં આગળ વધવાનું.. અને સમ્યગ્દર્શન અત્યારે આ ક્ષેત્રમાં દુર્લભ (થઈ પડ્યું). ત્યાં ભલે ભાવના રહે. કોઈ ક્ષેત્ર એમ નથી રોકતું પણ ભાવના તો પોતાને આર્યક્ષેત્રની હોવી જોઈએ. તીર્થંકરોના દેશ છે, તીર્થંકરોની જન્મભૂમિઓ છે, બધું અહીંયા છે. આ બાજુ મહાપુરુષો બધા શ્રીમદ્ જેવા ગુરુદેવ જેવા બધા આ બાજુ થાય છે.

પ્રશ્ન :- આત્માનું ગુજરાન અહીં ચાલે એવું છે, ... લંડનમાં.

પ્રશ્ન :- માતાજી! રાજકુમારો રાજપાટ છોડીને દીક્ષા લેવા નીકળી પડે તો એમને એવો કયો આધાર હશે કે બધું છોડીને નીકળી પડે? અંતરમાં એવો...

ઉત્તર :- અંતરમાં એવો એને પુરુષાર્થ જાગે છે, વૈરાગ્ય આવે છે. પણ એ સમ્યગ્દર્શનપૂર્વક છે. એમ થાય કે બસ, મારે આત્માની સાધના કરવી છે. વૈરાગ્ય (આવતા) ગૃહસ્થાશ્રમ છોડીને ચાલી નીકળે છે. અંદર ભેદજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું પણ વધારે મારે આગળ જાવું છે. ચારિત્રદશા પ્રગટ કરવી છે. એને આધાર આત્માનો છે. મનની અંદર તો એને ગુરુનો બધાનો આશ્રય તો હોય છે પણ જંગલમાં જાય તો એ આત્માના આધારે નીકળે છે. શુભભાવ વચ્ચે આવે છે. શુભભાવથી થાય છે એમ નહિ પણ એને આશ્રય આત્માનો પણ એને એનો નિષેધ ન હોય. દેવ-ગુરુ-શાસ્ત્રનો (આધાર હોય છે). ભલે પોતે જંગલમાં નીકળી પડે છે. જંગલમાં એકલા રહે, ચારિત્રદશાની સાધના કરે. કોઈને એવી ભાવના આવે જંગલમાં રહે, કોઈ ભગવાનના દર્શન કરે, કોઈ સમવસરણમાં જાય. ભાવના જુદી જુદી આવે છે.

પ્રશ્ન :- એ લોકોને સમ્યગ્દર્શન પછી એવી ભાવના આવે કે...?

ઉત્તર :- એ સમ્યગ્દર્શન પછીની ભાવના તે જ ખરી ચારિત્રદશા તો એ જ છેને. પહેલા ભાવના આવે તો કોઈ એમ મુનિ થઈ જાય અને પછી સમ્યગ્દર્શન થાય એમ પણ કોઈને બને. કોઈક તો દ્રવ્યલિંગી થાય. કોઈકને સમ્યગ્દર્શન પછી પણ થાય અને ભાવના આવે અને નીકળી જાય. એમ પણ બને. પછી થાય તો કોઈક એમ નીકળી જાય. પણ ખરી ચારિત્રદશા તો સમ્યગ્દર્શન પછી જ ચારિત્રદશા કહેવાય છે.

(૩૦:૦૦ મિનિટ સુધી)

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેંબર-૨૦૨૧)નું શુલ્ક શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**પત્રાંક-૨૮૧**

**વવાણિયા, ભાદરવા વદ ૧૩, બુધ, ૧૯૪૭**

કળિયુગ છે એટલે વધારે વખત ઉપજીવિકાનો વિયોગ રહેવાથી યથાયોગ્ય વૃત્તિ પૂર્વાપર ન રહે.

વિ. રાયચંદના ય.

***

**પત્રાંક-૨૮૨**

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૪, ગુરુ, ૧૯૪૭**

પરમ વિશ્રામ સુભાગ્ય,

પત્તું મળ્યું, અત્રે ભક્તિ સંબંધી વિહ્વલતા રહ્યા કરે છે, અને તેમ કરવામાં હરિઇચ્છા સુખદાયક જ માનું છું.

મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી.

ભગવાન વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે; એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં, શ્રવણમાં પણ નથી આવતાં; એ ત્રણેમાંના કોઈની સ્મૃતિ થાય એવી કોઈ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી. બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા. ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો નિકટ સંબંધ નથી.

નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે, સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી; કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે. કોણ જાણે હરિની ઇચ્છા શુંય છે? આવો વિકટ કાળ તો હમણાં જ જોયો. કેવળ મંદ પુણ્યવાળાં પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે. અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી. ઘણી વાર થોડે થોડે કહેવાઈ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઈથી અર્થસંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયાં ગમતાં જ નથી. હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી. ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું? સહન જ કરવું એ સુગમ છે.

***

**પત્રાંક-૨૮૩**

**વવાણિયા, ભાદરવા વદ ૦)), શુક્ર, ૧૯૪૭**

પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય,

અત્ર હરિઇચ્છાનુસાર પ્રવૃત્તિ છે.

ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે?

વિ. રાયચંદના પ્રણામ

***